# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका  Bajkhedawal Patrika


વર્ષ : ૧૭
અંક : ૧૦

૨૦૨૩ : ઓક્ટોબર
માસિક : રૂ. ૫/–



**: તંત્રી :**

**શ્રી જગતભાઈ એચ. દવે**

૨, સરદાર પટેલ સોસાયટી, કરમસદ રોડ,
વલ્લભ વિદ્યાનગર–૩૮૮૧૨૦. (મો.) ૯૯૨૫૯૪૬૬૦૪



**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ–૮
મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭
કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

### પત્રિકાના આજીવન સભ્ય રૂા. ૧૦૦૦/–

| | | | |
|---|---|---|---|
| ૧. | યસ ચંન્દ્રેશ ઠાકર | નવસારી | ૪૯૧૭ |
| ૨. | સાર્થક હરિવદન શુકલ | ઉમરેઠ | ૪૯૧૮ |

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

### સંસ્થાના આજીવન સભ્ય રૂા. ૧૦૦૦/–

| | | |
|---|---|---|
| ૧. | રીંજલકુમાર ડી. પંડ્યા | બાકરોલ |

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

### વિશિષ્ટ સહાય ફંડના દાતા

| | | | |
|---|---|---|---|
| ૧. | સ્વ. મણીલાલ ઈશ્વરલાલ દવેના સ્મરણાર્થે<br>હસ્તે – કિરીટભાઈ મણીલાલ દવે | અમદાવાદ | રૂ. ૧૧૦૦/– |
| ૨. | સ્વ. કુસુમબેન ચંદ્રવદન દવેના સ્મરણાર્થે<br>હસ્તે – સનતકુમાર ચંદ્રવદન દવે | અમદાવાદ | રૂ. ૧૧૦૦/– |
| ૩. | કનૈયાલાલ સોમેશ્વર ભટ્ટના સ્મરણાર્થે<br>હસ્તે – વાસુદેવભાઈ કનૈયાલાલ ભટ્ટ | અમદાવાદ | રૂ. ૨૫૧૧/– |
| ૪. | તારાલક્ષ્મી કનૈયાલાલ ભટ્ટના સ્મરણાર્થે<br>હસ્તે – વાસુદેવભાઈ કનૈયાલાલ ભટ્ટ | અમદાવાદ | રૂ. ૨૫૦૧/– |

### ભેટ

– શ્રી ગુજરાતી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ તરફથી રૂ. ૧૦૦૦/– પત્રિકાને ભેટ મળેલ છે.

### બાજખેડાવાળ પત્રિકાના આજીવન સભ્યો માટે ખાસ નોંધ

(૧) બાજખેડાવાળ પત્રિકા દર મહિનાની આખર તારીખે અમદાવાદથી પોસ્ટ થાય છે. (૨) કોઈ કારણસર પત્રિકા ન મળે તો એ પત્રિકા કદાચ આખા ગામ કે શહેરમાં વહેંચાઈ ન હોય એમ બને. (૩) આપને પત્રિકા નિયમિત ન મળતી હોય તો સ્થાનિક પોસ્ટમેન અથવા સ્થાનિક પોસ્ટ ઓફિસમાં લેખીત ફરિયાદ કરવી. (૪) પત્રિકા ધારક ગુજરી જાય એટલે પત્રિકાનું સભ્યપદ આપોઆપ રદ થઈ જાય છે. તમારે નવેસરથી પત્રિકા મેળવવા માટે રૂ. ૧૦૦૦/– લવાજમ ભરવાનું રહેશે. (૫) પત્રિકાના સભ્ય કાયમી વિદેશ વસવાટ કરવા માટે ગયા હોય તેવા સંજોગોમાં પત્રિકા બીજાના સરનામે કે બીજાના નામે પત્રિકા મોકલવામાં આવશે નહીં. (૬) બાજખેડાવાળ પત્રિકાની કોઈપણ જાતની ફરીયાદ કે માહિતી માટે તંત્રીનો સંપર્ક સાધ્યા વગર સંસ્થાની ઓફિસે પત્રિકા ઉપર દર્શાવેલ ફોન નંબર ઉપર મેનેજર શ્રી ભાવેશ પંડ્યાનો સંપર્ક કરવો. જેથી ફરીયાદનું ત્વરીત નિરાકરણ થઈ જાય. (૭) નવા સભ્યોએ, પત્રિકાના સભ્યો એ પોતાની પાવતી મેળવી લેવી અને તેના પર તથા પત્રિકા પર જે સભ્ય નંબર લખેલ છે. તે નંબરથી પત્ર વ્યવહાર કરવો. સભ્ય નંબર જણાવવાથી કામ સરળ થશે. (૮) પત્રિકાના જન્માક્ષરની મેટરમાં તમારા દ્વારા મોકલાવવામાં આવેલી મેટરમાં જ ભૂલ હોય અથવા અક્ષર ઉકલતા ન હોય તેવા સંજોગોમાં ભૂલ થવાની સંભાવનાઓ થાય જેથી નિયત ફોર્મમાં સ્વચ્છ અક્ષરે મેટર મોકલવા આગ્રહ ભરી વિનંતી જેથી સુધારાને અવકાશ રહે નહીં.

– તંત્રી મંડળ

# તંત્રી લેખ...

લગભગ ૪૮૧ વરસ પહેલાની વાત છે. સુરતના અંબાજી રોડ પર નાગર ફળિયામાં રાઘવ હરિહર પંડ્યાનું ઘર આવેલું. 'રામનાથી પંડ્યા' તરીકે ઓળખાતા આ પરિવારમાં રાઘવને બે પુત્રો હતા. એક વામદેવ અને બીજા સદાશીવ. સમગ્ર પરિવારની શ્રદ્ધા રામનાથ મહાદેવ સાથે જોડાયેલી. સદાશીવને ૩૫ વરસની ઉંમર સુધી ખાસ કંઈ આવડતું નહી. કુટુંબમાં કોઈએ સદાશીવને મેણું માર્યું. સદાશીવને સ્વજનનું મેણું કાળજાઝ લાગ્યું. પરિવારના ઈષ્ટદેવના મંદિરે જઈ તેઓ ઉપવાસ પર બેસી ગયા. કેટલાય દિવસોના નામસ્મરણ અને ઉપવાસ બાદ કોઈ સાધુ ત્યાં આવ્યા. જેણે સદાશીવને આશીર્વાદ આપી શક્તિપાત કર્યો. લોકવાયકા મુજબ એ સાધુ બીજા કોઈ નહી પરંતુ સ્વયં દુર્વાસા ઋષિ હતા.

ઋષિ દુર્વાસાના આશીર્વાદથી સદાશીવ સંસ્કૃતના પ્રખર વિદ્વાન બન્યા. તેઓ શાસ્ત્રજ્ઞ અને મંત્રશાસ્ત્રી થયા. સદાશીવના દાદાએ સંસ્કૃતના નવગ્રંથો લખેલા. વિદ્વતાનો એ વારસો સદાશીવે જાળવી રાખ્યો. પરંતુ તેના બંને સંતાનોને સંસ્કૃત અને સાહિત્યમાં બહુ રૂચિ નહોતી. મોટાભાઈ વામદેવના ઘરે ઈ.સ. ૧૫૪૧માં શિવાનંદ નામના અતિ તેજસ્વી પુત્રનો જન્મ થયો. પિતા વામદેવ નાની ઉંમરે મૃત્યુ પામ્યા અને બાળક શિવાનંદના ઉછેરની જવાબદારી સદાશીવજી સોંપતા ગયા. સમય જતા આ કાકા ભત્રીજાની જોડી જામી ગઈ. સદાશીવજીએ પોતાના અંત સમયે પોતાનું સર્વસ્વ ભત્રીજા શિવાનંદમાં ઠાલવી દીધું. દોસ્તો, આ શિવાનંદ એ જ આપણા 'જય આદ્યાશક્તિ' આરતીના રચિયતા, બૈજવાપાસ ગોત્રમાં નાગર–બ્રાહ્મણ પરિવારમાં ૪૮૧ વરસ પહેલાં સુરત ખાતે અવતરેલા આ મહાપુરુષની રચેલી આરતી ગાયા વગર ગુજરાતની કોઈ ગરબીના શ્રી ગણેશ થતાં નથી કે વિરામ પણ....!

આ મહાપુરુષ વિશે બહુ ક્યાંય માહિતી પ્રાપ્ત પણ નથી. હું જ્યારે જ્યારે 'ભણે શિવાનંદ સ્વામી' વાળી કડી ગાતો ત્યારે મનમાં એક પ્રશ્ન થતો કે કોણ હશે આ શિવાનંદ સ્વામી ? ક્યાના હશે ? આ આરતી રચવા પાછળ કઈ ઘટના હશે ? આરતીના સાચા શબ્દો ક્યા હશે ? સાચા દિલથી કરેલી પ્રાર્થના સદા ફળે છે. તેનો આ લેખ પુરાવો છે. ગત મહિને સુરતના એક કાર્યક્રમમાં નીતિનભાઈ ભજીયાવાલા નામના વડીલ ચાહકે મારા હાથમાં ગણપતલાલ પંચીગર સાહેબનું નાનકડું અપ્રાપ્ય પુસ્તક મૂક્યું જેમાં શિવાનંદજીના જીવન–કવનની સુંદર માહિતી મળી જે તમારા સુધી પહોંચાડું છું. શિવાનંદજીએ સંસ્કૃત–ગુજરાતી–મરાઠી–હિન્દીમાં પણ કાવ્યો લખ્યા છે. પરંતુ લોકો સુધી માત્ર તેની આરતી જ કંઠોપકંઠ સ્મૃતિથી જીવે છે. પંચીગરજીના મત મુજબ તેમણે ૨૧૫ જેટલી કૃતિઓ રચી છે. જેમાં થોડાક ભજનો હનુમાનજીના અને બબ્રીક (બળીયાકાકા)ના અને તાપીમાતાનો ગરબો પણ ખાસ છે.

પણ ક્યાં છે શિવાનંદજીની બાકી રહેલી અદ્ભુત રચનાઓ ? જેનું કોઈ પુસ્તક નથી. સુરત કે દક્ષિણ ક્ષેત્રના વડિલોને કદાચ શિવાનંદજીના કોઈ પદો હૈયે હોય તો જ આ વિરાસત આપણને પાછી મળે. આ લેખ વાંચ્યા પછી કોઈએ 'ભણે શિવાનંદ સ્વામી'વાળી કોઈપણ રચના ક્યાંયથી પણ મળે તો પ્લીઝ મને ઈ–મેઈલથી મોકલજો. કોઈએ આ વ્યક્તિનું પુસ્તક બહાર પાડવું જોઈએ એવી સુફિયાણી સલાહ આપવા કરતા મને જો પૂરતી રચનાઓ મળશે તો હું જરૂર શિવાનંદજીનું પુસ્તક બહાર પાડીશ ખેર આગે આગે ગોરખ જાગે.

એ સમયે શિવાનંદજીના ઘેર પાઠશાળા ચાલતી. ચાલીસથી વધુ વિદ્યાર્થીઓ ત્યાં અભ્યાસ કરતા. તેમના પદો સુરતના મંદિરો અને ઘરોમાં આદરપૂર્વક ગવાતા. શિવાનંદજીની પવિત્રતા અને લોકપ્રિયતા એવી હતી કે સુરતની ટંકશાળામાં જ્યારે જ્યારે કોઈ એકસો તોલા સોનું ગળાવે ત્યારે તેમાંથી એક આની (૧/૬ તોલું) સોનું પ્રેમપૂર્વક શિવાનંદજીને ભેટ ધરાતું. મજાની વાત એ કે શિવાનંદજીની છઠ્ઠી પેઢીએ ત્રિપુરાનંદજીની દીકરી ડાહીગૌરી સાથે આપણા વીર કવિ નર્મદે બીજા લગ્ન કર્યાં. આમ 'જય જય ગરવી ગુજરાત'નો સૌ પ્રથમ જયઘોષ કરનાર વીર કવિ નર્મદ શિવાનંદજીની પેઢીના જમાઈ હતા. શિવાનંદજીએ જીવનના ઉતરાર્ધમાં ૮૫ વરસે સન્યાસ લીધો જેથી શિવાનંદસ્વામી કહેવાયા અને ઈ.સ. ૧૬૨૬માં સમાધી લઈ આ મહાપુરુષે મહાપ્રયાણ કર્યું.

'જય આદ્યાશક્તિ' આરતીની કુલ અઢાર કડી જ છે. ત્યારબાદ અમુક ક્ષેપક કડીઓ ભક્તોએ જોડેલી છે. શિવાનંદજીએ શિવશક્તિનું કોઈ પવિત્ર અનુષ્ઠાન કર્યાની ધારણા છે. જે

દરમ્યાન તેમણે આ આરતી રચી છે. આ આરતીમાં એકમથી પુનમ સુધીનો તિથિક્રમ છે અને શિવાનંદજીના પોતાના સ્વાનુભવ પણ છે. માતાજીના પરમધામ મણીદ્વીપમાં મણી–માણેકના અઢાર કિલ્લા છે. જેના લીધે તેમણે આ અઢાર કડીની આરતી રચેલી છે. જેમના કેટલાક શબ્દો પાઠ ફેર અને અપભ્રંશ પામ્યા છે. કંઠોપકંઠ સચવાતી કૃતિઓમાં આવી ભરપૂર શક્યતાઓ રહે એવું શ્રી ગણપતભાઈ પંચીગર પણ સ્વીકારે છે. તેમ છતાં અમુક શબ્દોના તેમણે ખૂબ સચોટ અર્થ આપેલ છે. જેમ કે 'જ્યોમ જ્યોમ માં જગદંબે'નો કોઈ અર્થ જ નથી. જય હો – જય હો માં જગદંબે જ સાચો શબ્દ છે. એક નજર મારીએ ચાર સદી પહેલાની રચાયેલી અણમોલ કૃતિ તરફ અને જ્યાં જ્યાં આપણો પાઠદોષ કે ઉચ્ચારણદોષ છે તે સુધારીયે. કોઈપણ જાતની ટેકનોલોજી વગર ૪૦૦ વરસથી જે આરતી ગુજરાતી–હિન્દીમાં સમગ્ર ભારતના ઘરે ઘરે ગવાય છે એ જ આપણા માટે ગૌરવપ્રદ ઘટના છે. અહીં માત્ર અપભ્રંશ થયેલ શબ્દો અને અંતરા પર જ પ્રકાશ પાડ્યો છે.

"જય આદ્યશક્તિ માં જય આદ્યાશક્તિ", "અખિલ બ્રહ્માંડનીપજાવ્યા પડવે પંડે થયા, જય હો જય હો મા જગદંબે"

અહી કેટલાક 'પડવે પંડિત થ્યા' બોલે છે જે અશુદ્ધ છે.

"બ્રહ્મા 'ગુણપતી' ગાયે હર ગાયે હર માં", અહીં કેટલાક 'ગણપતિ' ગાયે એમ બોલે છે.જ્યારે કવિએ વિષ્ણુ ભગવાન માટે 'ગુણપતિ' શબ્દ પ્રયોજ્યો છે. બ્રહ્મા વિષ્ણુ અને હર (કહેતા શિવે) શિવશક્તિના ગુણ ગાયા એ ભાવ છે.

"ત્રય: થકી ત્રિવેણી, તમે ત્રિવેણી માં" ઘણા 'તમે તરવેણી'માં બોલે છે જે અશુદ્ધ છે. અહીં નવસર્જન, પરિપાલન અને વિસર્જનની ત્રણેય પ્રવૃત્તિને ત્રિભુવનેશ્વરી ત્રિવેણી માતા છો એ સંદર્ભે છે.

"ચોથે ચતુરા મહાલક્ષ્મી માં સચરાચર વ્યાપ્યા, ચાર ભૂજા ચૌ દિશા પ્રગટ્યા દક્ષિણમાં"

અહીં શિવાનંદજીને નર્મદા નદીને કાંઠે દક્ષિણ દિશામાં માતાજી દર્શન આપ્યાનો અનુભવ કવિએ લખ્યો છે. જ્યાં ચતુરા મહાલક્ષ્મીનો અર્થ છે જેની પાસે ધન છે તે ચતુર ગણાય.

"પંચમે પંચઋષિ, પંચમે સાંવિત્રી સંધ્યા, ગૌ–ગંગા–ગાયત્રી–ગૌરી–ગીતા માં"

માનવ શરીરમાં રહેલા સાત ચક્રોની આંતર ચેતના વધારવા માટે શિવાનંદજીએ સાત ઉપાયો અહી આપ્યા છે. કેટલાક 'સંધ્યા સાવિત્રી' બોલે જે ખોટું છે. (૧) સાવિત્રી એટલે સૂર્ય ઉપાસના (૨) સંધ્યા એટલે ત્રિકાળ સંધ્યા અથવા સાંજે ભજન કીર્તન (૩) ગૌ સેવા (૪) ગંગા સ્થાન (૫) ગાયત્રી મંત્ર જાપ (૬) ગૌરી અર્થાત પાર્વતી દેવીની સાધના (૭) ગીતાજીનો ઉપદેશ. આ કડી માત્ર શબ્દમેળ નથી પણ ગુઢાર્થ સમજવો જરૂરી છે.

"કીધા હરિ બ્રહ્મા"ની જગ્યાએ કોઈ હર બ્રહ્મા બોલે છે. ખરેખર હરિ (વિષ્ણુ) અને બ્રહ્માએ શીવ–શક્તિની પૂજા કરે છે એ સાચો ભાવ છે.

"કામ દુર્ગા કાલીકા, શ્યામા ને રામા" અર્થાત કામદુર્ગા દેવી, કાલિકા અને શ્યામા (રાધાજી), રામા (સીતાજી)ની ભક્તિ તરફ શિવાનંદજીનો અંગુલીનિર્દેશ છે.

"તેરસે તુળજા રૂપ તમે તારૂણી માતા" વાળી કડીમાં હે માં ! તમે તુલજા ભવાની રૂપે શિવજીને તલવાર આપી હિંદુ ધર્મને તારનારા છો. તથા જવારાના સેવનથી ચિરકાળ તારુણ્ય બક્ષનારા છો.

વિક્રમ સંવત ૧૬૨૨માં શિવાનંદજીની સાધના શરૂ થઈ અને ૧૬૫૭માં પૂર્ણ થઈ એવી ધારણા છે. તેમજ ચતુર્ભુજ સ્વરૂપે માતાજીએ કવિને દર્શન આપ્યા. ત્રંબાવટી, રૂપાવટી અને મંછાવટી આ ત્રણ એ વખતની નજીકની નગરીના લોકોએ શિવાનંદજીએ આ અનુષ્ઠાનમાં તન–મન–ધનથી મદદ કરી જેથી તેના આશરે 'સોળ સહસ્ર' સોળ હજાર લોકો વતી કવિએ પ્રાર્થના કરી વિશિષ્ટરૂપે આશીર્વાદ માંગ્યા.

અઢારમી કડીમાં ભણે શિવાનંદ સ્વામી પછીના તમામ અંતરા એ ભાવજગતથી ભક્તોએ જોડેલા છે. આગામી દિવસોમાં આપણી આવનારી પેઢી સુધી સાચી ધરોહર સાચા સ્વરૂપમાં પહોંચાડીશું અને સાચી આરતી ગાશું તો ભગવતી અને કવિ શિવાનંદ સ્વામી સ્વર્ગમાંથી રાજી થાશે.**આભાર – પ્રશાંત ભટ્ટ**

**તંત્રી – શ્રી જગતભાઈ દવે**

**શ્રી અ.ભા.બા.ખે.હિ. સભા, અમદાવાદ**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
# ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદના દાતાશ્રી



**શ્રી ઉર્મિલાબેન સતીષચંદ્ર દવે**

*જન્મ તા. ૧૨-૦૭-૧૯૫૮*

અભ્યાસ : એસ. એસ. સી. (મેટ્રીટ)

મૂળ વતન : ડેમોલ (તા. પેટલાદ, જી. આણંદ)

રહેવાસી : "જલારામ ડેરી", વાણીયાની વાડી પાસે, ડાકોર

ઉર્મિલાબેન નાનપણથી જ મહેનતુ અને ખંતિલા સ્વભાવના છે અને કંઈક નવું કરવાનો તળવળાટ આજે પણ છે અને તેમના લગ્ન સને ૧૯૭૮માં ડાકોર ગામના વતની સતીષચંદ્ર મોહનલાલ દવે સાથે થયા બાદ સમય જતાં સ્ત્રીશક્તિનું સ્વરૂપ હોય તેમ આખી "જલારામ ડેરી" સ્થાપિત કરી તેને ઉંચાઈ પર લઈ જવા સળંગ પ્રયત્નશીલ રહ્યા અને જે આજે પણ ૪૦ વર્ષથી અવિરતપણે ચાલુ છે અને તેમના પતિ સાથે મહેનત અને સારી ભાવનાથી આ મુકામ હાંસલ કરેલ છે અને આજે પણ જલારામ ડેરી ગામમાં સારી ઓળખ ધરાવે છે.

લગ્નબાદ તેઓને એક પુત્ર નામ મેહુલ સતીષચંદ્ર દવે છે જે હાલ તેમની સાથે ડેરીનું સંચાલન કરે છે. શ્રી મેહુલને પત્ની હેતલ તથા પુત્ર કશ્યપ છે.

મોટી પુત્રી નામે વૈશાલી સમીર દવે જેના લગ્ન અમદાવાદ મુકામે એડવોકેટ સમીર દવે સાથે થયેલ છે જેને ૨ પુત્રી રત્ન નામે માર્મિકા તથા સ્વસ્તિકા છે.

નાની પુત્રી નામે પુષ્પલ રીંજલકુમાર પંડ્યા છે જેના લગ્ન આણંદ મુકામે રીંજલ દીલીપકુમાર પંડ્યા સાથે થયેલ છે જેને ૧ પુત્રરત્ન નામે જયલ છે.

ઉર્મિલાબેન ના ફેમીલીમાં તેમના પતિના અવસાન બાદ પણ ધંધો અને સામાજિક રીતે તેઓ કાર્યરત રહેલા છે અને તેમને તેમનો પુત્ર પણ તેમની આ સેવા કાર્ય આગળ ધપાવતા સાથ સહકાર આપી રહ્યા છે.

આ તમામ કાર્યોમાં શ્રી જલારામ બાપા અને શ્રી રણછોડરાયજી મહારાજના અવિરત આર્શીવાદ તેઓની સાથે હંમેશા રહે છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદના દાતાશ્રી



### સ્વ. એડવોકેટ મૃદુલાબેન લક્ષ્મીનારાયણ મહેતા

| | | |
|---|---|---|
| Name | : | Late Advocate Mrudulaben Laxminarayan Mehta |
| Adrress | : | A/7, Nandanbagh Society, Nr. Canal, College Road, Nadiad-3 |
| Date of Birth | : | 20-07-1947 |
| Date of Death | : | 17-02-2023 |
| Education | : | M.Com., LL.B. |
| Occupation | : | Officer at BSNL till 1976<br>Practice as and Advocate from 1983 |

RSVP

Late Advocate Laxminaryan Jayanand Mehta (Husband)

1. Kandarp Mehta (Advocate), Nadiad (SON)

2. Shashi Pankaj Trivedi, USA (Daughter)

3. Chirag L. Mehta, Australia (Son)

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદના દાતાશ્રી



**ઉપેન્દ્રકુમાર વિનુપ્રસાદ ભટ્ટ**

*જન્મ તારીખ – ૧૩–૦૨–૧૯૪૯* *અ.નિ. – ૨૫–૦૪–૨૦૨૩*

*જન્મ – છોટા ઉદેપુર*

*અભ્યાસ – એમ.કોમ., એલ.એલ.બી.*

Worked as Bank of Baroda, Lead Bank Officer

Worked : Advocate & Legal Adviser

Worked as Karkar : RSS, VHP

Ex. Vice Prsident BJP Kheda District

*વાલી મંડળ પ્રમુખ ખેડા જિલ્લો*

*બેવાર – પ્રમુખ બાજખેડાવાળ સમાજ, નડિયાદ*

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ

## વિશિષ્ટ સહાય ફંડ દાતા રૂ. ૨૫૧૧/–



શ્રી ૧।

શ્રી રણછોડરાયની જય હો     ૐ નમ: શિવાય   કુળદેવીશ્રી આશાપુરી માતાજીની જય હો

## સ્વ. કનૈયાલાલ સોમેશ્વર ભટ્ટ

જન્મ વિ.સં. ૧૯૬૪ માગશર સુદ ૪/૫     વૈકુંઠવાસ વિ.સં. ૨૦૪૫ માગશર વદ ૧૨/૧૩ (શિવસોમ પ્રદોષ)

જન્મ તા. ૦૯–૧૨–૧૯૦૭, સોમવાર     દેહાવસાન તા. ૨૫–૧૨–૧૯૮૯, સોમવાર

મૂળ ઉમરેઠ નગરની ઉજાસરૂપ નગરશેઠ પેઢીના વંશજ, જીવરામ ભટ્ટના પૌત્ર, માતાશ્રી સ્વ. ગૌતમબેન, પિતાશ્રી સ્વ. સોમેશ્વર જીવરામ ભટ્ટ (ગૌતમસ ગોત્ર)ના દ્વિતીય દીકરા સ્વરૂપે કનૈયાલાલ જન્મ્યા. નામાંકિ નગરશેઠની જાહેજલાલીમાં ૪ ભાઈઓ અને ૨ બહેનો સાથે વિશાળ અને કલાત્મક સુદંર હવેલીઓવાળા પરિવારમાં તેમનો ઉછેર અને તાલીમ થયાં. ભટ્ટની પેઢી ઉપરાંત ભટ્ટ શેઠની ‘ઉમરેઠ હોઝિયરી ફેક્ટરી, નરોડા રોડ, અમદાવાદ ખાતે અને મુંબઈની પ્રખ્યાત કાપડ મિલો જેવી કે ‘ફિનલે’ તથા ‘ગોલ્ડમહોર’ વિગેરે બધે જ રૂઈયા (રૂવાળા) નિષ્ણાંત પરિવારની આગવી ઓળખ પણ સ્થાપિત હતી. જેમાં ખાસ કરીને નગરશેઠ જીવરામ ભટ્ટની ઈસ્ટર્ન કોટન કંપની, ૨૨–એ, યુસુફ બિલ્ડીંગ, ફલોરા ફાઉન્ટેન, મુંબઈ ઓફિસ ભટ્ટ પરિવારની ધંધા–રોજગારથી ધમધમતી જાહોજલાલીની કિર્તિમાન પ્રગતિની પરાકાષ્ઠાની સાક્ષીરૂપ હતી. સફળતાના આ શિખરના તેમણે અમોને પણ સ્મૃતિરૂપે દર્શન કરાવ્યા હતા. બધી સેવાઓ સાથે ઘરસંસારની સંપૂર્ણ જવાબદારીઓ બખૂબી નિભાવી પોતાની જિંદગી ભટ્ટ પરિવાર કુટુંબ માટે સમર્પિત કરી તેઓ આદર્શ જીવનની કસોટી રૂપી નદી પાર કરી ગયા. અમારા આપને શત્ શત્ નમન. સ્વ. કનૈયાલાલ ભટ્ટ શેઠ નાના મોટા ઘમાં દાન–પૂણ્ય, ધાર્મિક પાઠ–હોમ, નવચંડી હોમ–હવન જેવા ઘણાંય અનુષ્ઠાન કરાવી પોતાના ભવિષ્યની પેઢી, બાળકોને પણ ધાર્મિક પાઠ–હોમ, નવચંડી હોમ–હવન જેવા ઘણાંય અનુષ્ઠાન કરાવી પોતાના ભવિષ્યની પેઢી, બાળકોને પણ ધાર્મિક સંસ્કારો વારસામાં આપતા ગયા. તે બદલ અમે સૌ અમારા પૂર્વજો અને માતાશ્રી–પિતાશ્રીના ખૂબ ખૂબ આભારી છીએ. અંતે ૨ દીકરીઓ અને ૪ દીકરાઓનો પરિવાર સંસારને સમર્પિત કરી શાંતિથી ચિરવિદાય લઈને વૈકુંઠવાસી બની ગયા.

“સુખમાં છકી જશો નહીં અને દુ:ખમાં ડરી જશો નહી” એવા પરોપકારી મંત્રો શીખવવા સાથે તેમના અનેક ઉપકારો છે જે કદી વિસરાશે નહીં. પહેલા શિક્ષકરૂપે મા–બાપને તો કદીય ભૂલશો નહીં. પિતાશ્રી અમારા ઉજ્જવળ જીવનના પાકા પથદર્શક અને ગુરુમૂર્તિ હતા છે સદાય રહેશે પિતૃદેવો ભવ:. અસ્તુ

સ્નેહાધીન – સિદ્ધાર્થ એમ. દવે (પૌનસ ગોત્ર)     હસ્તે – વાસુદેવ કનૈયાલાલ ભટ્ટ

અ.સૌ. ભૂમિશી સિદ્ધાર્થ દવે     અ.સૌ. માયાદેવી વાસુદેવ ભટ્ટ

ચિ. દેવ સિદ્ધાર્થ દવે     ચિ. શિવાંગી વાસુદેવ ભટ્ટ

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ દાતા રૂ. ૨૫૦૧/–



શ્રી ૧।

શ્રી રણછોડરાયની જય હો ॐ નમઃ શિવાય શ્રી વારાહી માતાજીની જય હો

## સ્વ. તારાલક્ષ્મી કનૈયાલાલ ભટ્ટ

જન્મ વિ.સં. ૧૯૭૧ વૈશાખ સુદ અખાત્રીજ સ્વર્ગવાસ વિ.સં. ૨૦૫૭ શ્રાવણ વદ ૩૦ અમાસ
જન્મ તા. ૧૭–૦૫–૧૯૧૫, સોમવાર નિર્વાણ તા. ૧૮–૮–૨૦૦૧, શનિવાર

મૂળ ઉમરેઠ નિવાસી માતા સ્વ. મહાલક્ષ્મી અને પિતા સ્વ. જેઠાલાલ બાબરભઈ પંડ્યા (લંકાનસ ગોત્ર)ના સજજન/ગૃહસ્થ કુટુંબમાં મોટાં દિકરી સ્વરૂપે તારાલક્ષ્મી જન્મ્યાં. તેમનાં જન્મ બાદ ૩ ભાઈ અને ૧ બહેનનાં જન્મથી પરિવાર હર્યોભર્યો બન્યો. કુટુંબમાં મોટાં દિકરી તરીકે જન્મી પિયરપક્ષમાં સરાહનીય સેવાઓ આપી. જ્ઞાતિના મોભી પરિવારમાં લગ્નના સુંદર સ્વપ્નો સાકાર થયાં. સમયની થપાટના કારણે સાસરી પક્ષમાં તડકા–છાંયડામાં પણ સંપૂર્ણ જવાબદારીઓ આગવી સૂઝથી નિભાવી. તારાલક્ષ્મી આજીવન પોતાની અમૂલ્ય સેવાઓથી સમર્પિત રહી "તારા બા" એવાં હુલામણાં નામથી સૌના દિલમાં વસી ગયાં હતાં. બે દિકરીઓ અને ચાર દિકરાઓના સંસારમાં સૌનું લાલન–પાલન કરી સેવાઓ પ્રદાન કરી ચિરવિદાય લીધી. સૌને આજીવન જાતભાતની મિઠાઈઓ/વાનગીઓનો આસ્વાદ કરાવવાના 'તારા બા'ના શોખના બધાં જ સ્નેહીજનો સાક્ષી હતાં, છે અને સદાય રહેશે. માતાજી અને ઈશ્વરને માતાશ્રી–પિતાશ્રી બંનેની પ્રાર્થનાથી પ્રાપ્ત આશીર્વાદથી ૧૯૭૨માં પોતાના બે મોટા દિકરાઓને પણ સી.સી.આઈમાં સિનિયર કોટન પર્ચેઝ ઓફિસર પદાસનથી, મોટા ભટ્ટ સાહેબ અને નાના ભટ્ટ સાહેબ ઉપનામ મળ્યાથી, હાંશકારો અનુભવ્યો. તેમના જીવનમાં અભૂતપૂર્વ આનંદદાયી વેળા ત્યારે આવી જ્યારે બંને દિકરાઓના વર્ષભરના વેતનની અનુદાન રકમથી ૧૯૭૩માં દાનપુણ્યનો મનોરથ આસો સુદ–૯ (નવમી) શુક્રવારે, ધાર્મિક આસ્થાના શુભકાર્યમાં શ્રી વારાહી માતાજી, ઉમરેઠનો હવન કરાવ્યો (જેને આ વર્ષે ૫૦ વર્ષ પૂર્ણ થયા છે) મા–બાપ બંનેએ મનસા પૂર્ણ થતા હાંશકારો અનુભવી એ પછી જીવનયાપન કરતાં પિતાશ્રી કનૈયાલાલ ભટ્ટે ૧૬ વર્ષ અને માતૃશ્રી તારાલક્ષ્મીએ ૨૮ વર્ષ વધુ આયુષ્ય ઈશ્વરકૃપાથી મેળવ્યું હતું.

સાચે જ અમારા માતૃશ્રી સાક્ષાત વાત્સલ્યમૂર્તિ જ હતા, સદાય રહેશે. માટે જ માં તે 'માં' અને બીજા બધા વગડાના 'વા' સત્ય છે. જય માતૃશ્રી. અસ્તુ

| | |
|---|---|
| સ્નેહાધીન – સિદ્ધાર્થ એમ. દવે (પૌનસ ગોત્ર) | હસ્તે – વાસુદેવ કનૈયાલાલ ભટ્ટ |
| અ.સૌ. ભૂમિશી સિદ્ધાર્થ દવે | અ.સૌ. માયાદેવી વાસુદેવ ભટ્ટ |
| ચિ. દેવ સિદ્ધાર્થ દવે | ચિ. શિવાંગી વાસુદેવ ભટ્ટ |

# શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ, નડીયાદ

શ્રી બાજખેડાવાળ હોલ, છાગેશ્વર મહાદેવ પાસે, સંતરામ મંદિર પાસે, નડીયાદ મો. ૯૪૦૮૫૦૧૩૯૦

શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ દ્વારા તા. ૧૮–૦૯–૨૩ કેવડાત્રીજ તા. ૨૦–૦૯–૨૩ સામા પાંચમની ઉજવણી કરવામાં આવેલ જેમાં ૨૫ બહેનોએ ભાગ લીધેલ, સ્નેહલભાઈ દવે દ્વારા તમામ વિધીથી ઉજવણી કરાવી હતી. સામા પાંચમના આપણા યોગદાન આપનાર જયશ્રીબેન એન. દવેનું ખૂબ મોટું યોગદાન છે. લગભગ ૧૦૦ થી વધારે બહેનોએ ફરાળમાં ભાગ લીધો હતો. સમાજની બહેનો અને તમામ દાતાશ્રીઓએ અવિરત દાનનો પ્રવાહ વહેવડાવી આર્થિક સહયોગ આપેલ ચે. તમામનો બાજખેડાવાળ મહિલા સમાજ હૃદયપૂર્વક આભાર માને છે.

"આપના સહકારની અપેક્ષા સહ"

આગામી કાર્યક્રમ (દશેરા) મહિલા સ્થાપના દિન નિમિત્તે ગરબાની હરિફાઈઓ યોજેલ છે. દશેરાની તા. ૨૪–૧૦–૨૩ છે તથા સમુહ જનોઈની તા. ૨૦–૨–૨૪ થી ૨૨–૨–૨૪ છે. જે સાદા + માતાવાળા હોય છે જેની નોંધ લેવી.

સામાપાંચમની ઉજવણીમાં ભેટ નીચે પ્રમાણે છે.

૨૦૦૦/– કાલીનીબેન ચંદ્રવદન ભટ્ટ (સોજીત્રા), ૧૦૦૧/– જયશ્રીબેન નરેન્દ્રભાઈ દવે (નડીયાદ), ૧૦૦૦/– નીલાબેન વિજયભાઈ દવે (મદ્રાસ), ૫૧૧/– એક સદગૃહસ્થ તરફથી (નડીયાદ), ૫૦૧/– એક સદગૃહસ્થ તરફથી (નડીયાદ), ૫૦૦/– નિમિષાબેન દિપલભાઈ ઠગટ (નડીયાદ)

આ અવિરત ભેટની સાથે બાજખેડાવાળ મહિલા સમાજના નડીયાદ નાના–મોટા પ્રોગ્રામ કરે છે. "વિના સહકાર નહિ ઉદ્ધાર" તમામના સહકારથી તમામ પ્રોગ્રામ સફળ થાય છે અને આ રીતે તમામ પ્રોગ્રામ આગળ પણ અવિરત ચાલુ રહેશે. જનોઈ માટે નામ નોંધાવવા નીચે નંબર પર સંપર્ક કરશો.

પ્રમુખ – ભાવનાબેન શુકલ – (મો.) ૯૨૭૭૭૫૦૭૩૩, ઉપપ્રમુખ – અંજનાબેન દવે – (મો.) ૮૨૦૦૯૪૮૬૫૪, મંત્રી – નિકેતાબેન દવે – (મો.) ૯૭૧૪૪૪૦૦૩૦, ખજાનચી – કોમલબેન દવે – (મો.) ૯૫૭૪૭૭૭૫૫૩

**ભાવનાબેન શુકલ** — **પ્રમુખ**

**નિકેતા દવે** — **મંત્રી**

---

# વડોદરા બાજખેડાવાળ સમાજ

એ–૨૦૪, મનુભાઈ ટાવર, સયાજીગંજ, વડોદરા–૩૯૦૦૦૧ (મો.) ૯૬૮૭૬૬૮૬૫૩

**ઈનામ–વિતરણ**

તા. ૧૦–૦૯–૨૦૨૩, રવિવારના રોજ સંસ્થાની ઓફિસેથી વડોદરા બાજખેડાવાળ સમાજ તરફથી આજીવન સભ્યના શાળામાં ભણતા વિદ્યાર્થીઓને મેરીટ ક્રમાંકમાં ૧ થી ૫ નંબરે આવનાર વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યું.

ધોરણ ૮ થી ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને શ્રીમતિ રેખાબેન અનિલકુમાર ગોસ્વામી (સ્મરણાર્થે ભાનુબેન ચંદ્રકાન્ત શેલત) તરફથી મળેલ શૈક્ષણિક ફંડના વ્યાજમાંથી ગણિત વિષયમાં સૌથી વધુ માર્કસ મેળવનાર પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને વિશેષ ઈનામ એનાયત કરવામાં આવ્યું.

કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને રૂ. ૪૦૦/–ની સ્કોલરશીપ સંસ્થાના શૈક્ષણિક ફંડના વ્યાજમાંથી આપવામાં આવી.

ગ્રેજ્યુએટ થયેલ વિદ્યાર્થીઓને પણ ઈનામ આપી સન્માનિત કરાયાં.

**શૈક્ષણિક સહાય**

સ્વ. ચીમનલાલ મહાશંકર દેસાઈના સ્મરણાર્થે શ્રી માર્કન્ડભાઈ ચીમનલાલ દેસાઈ તરફથી મળેલ "શૈક્ષણિક ફંડ–૨૦૨૩"માંથી ધોરણ ૫ થી ૧૦માં અભ્યાસ કરતા જરૂરીયાત મંદ વિદ્યાર્થીઓને રૂ. ૨૦૦૦/–ની આર્થિક સહાય કરવામાં આવી ઉપરાંત

શ્રી રઘુવીર જયશંકર દવે તરફથી તેઓના સ્વ. માતા–પિતાશ્રીના સ્મરણાર્થે મળેલ શૈક્ષણિક ફંડના વ્યાજમાંથી ધોરણ ૧૧ તથા ૧૨માં અભ્યાસ કરતાં જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને રૂ. ૨૦૦૦/–ની આર્થિક સહાય કરવામાં આવી.

**શ્રાવણી ફંડ**

શ્રી રઘુવીર જયશંકર દવે તરફથી તેઓના સ્વ. માતા–પિતાશ્રીના સ્મરણાર્થે "શ્રાવણી–૨૦૨૫" માટે બ્રહ્મભોજન નિમિત્તે રૂ. ૩૫૦૦૦/– સંસ્થાને ભેટરૂપે મળેલ છે.

**શરદોત્સવ ફંડ**

શ્રીમતી કૃષ્ણા રઘુવીર દવે તરફથી શ્રી પરમેશ્વર પ્રિત્યર્થમ્ રૂ. ૧,૧૦,૦૦૧/–, "શરદોત્સવ–૨૦૨૩" માટે બ્રહ્મભોજન નિમિત્તે ભેટ સંસ્થાને મળેલ છે તથા શ્રી રઘુવીર જયશંકર દવે તરફથી શ્રી પરમેશ્વર પ્રિત્યર્થમ્ રૂ. ૧,૧૦,૦૦૧/– "શરદોત્સવ–૨૦૨૪" માટે બ્રહ્મભોજન નિમિત્તે ભેટ સંસ્થાને મળેલ છે.

**આગામી કાર્યક્રમ શરદોત્સવ–૨૦૨૩**

વડોદરા બાજખેડાવાળ સમાજના "શરદોત્સવ –૨૦૨૩" કાર્યક્રમનું આયોજન તા. ૫–૧૧–૨૦૨૩, રવિવારના રોજ કરવામાં આવનાર છે. કાર્યક્રમની વિગતવાર માહિતી સ્થળ નક્કી થયે "વોટસએપ" ગ્રુપમાં કોમન મેસેજથી સમાજના આજીવન સભ્યોને જાણ કરવામાં આવશે. જેથી જે કોઈ સભ્ય સંસ્થાના કોમન ગ્રુપમાં જોડાયા ન હોય તો તેઓએ શ્રી સાગર જી. ભટ્ટ મો. ૯૦૩૩૫૫૬૦૮૭ પર સંપર્ક કરી નંબર ગ્રુપમાં રજીસ્ટર કરાવવા વિનંતી છે. જેથી સમયસર દરેક કાર્યક્રમની માહિતી મળી શકે.

**ભૂપેન્દ્રભાઈ જે. શેલત** — **મંત્રી**

**બંદિશભાઈ એ. દવે** — **પ્રમુખ**

**સમસ્ત કારોબારી સમિતિ**

## શ્રી સુરત બાજખેડાવાળ સમાજ

C/o. કુમાર વી. દવે (એડવોકેટ), બી–૪, શ્રેયસ સોસાયટી, હેન્ડલૂમ હાઉસ પાસે,
નાનપુરા, સુરત–૩૯૫૦૦૧ (મો.) ૯૮૨૫૧૯૦૪૭૬

સમાજની વાર્ષિક સાધારણ સભા તેમજ ઈનામ વિતરણ કાર્યક્રમ તારીખ ૨૬–૦૨–૨૦૩ના રોજ રવિવારે રોટરી હોલ, જીવન ભારતી વિદ્યા સંકુલ – નાનપુરા, સુરત ખાતે યોજવામાં આવેલો હતો જેમાં પ્રથમ સમાજની વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. ત્યારબાદ સમાજના સભ્યો તથા તેમના બાળકો માટે વિવિધ શૈક્ષણિક તથા અન્ય પ્રવૃતીના તેજસ્વી તારલાઓનું સન્માન કરાયુ હતુ. બંને કાર્યક્રમ બાદ સમાજના સભ્યો દ્વારા કરાઓ કે ગીત સંગીતના પ્રોગ્રામ આયોજીત કરાયો હતો જેની મધુરતા માણી હતી. તમામ કાર્યક્રમોના અંતે સ્વાદિષ્ટ ભોજનનો સ્વાદ લઈ સૌ સભ્યો છૂટા પડ્યા હતા.

શ્રી સુરત બાજખેડાવાળ સમાજ દ્વારા આપણાં સમાજના તથા દેશના કલ્યાણ માટે તારીખ ૨૪–૦૯–૨૦૨૩ના રવિવારે શ્રી ગણેશ યાગનું આયોજન સુરત મહાનગર પાલિકાના કોમ્યુનિટી હોલ, પાલ, સુરત મુકામે કરવામાં આવેલુ હતુ. સંપૂર્ણ શાસ્ત્રોક્ત અને વૈદિક રીતે આ યાગની વિધિ નડિઆદ નિવાસી શાસ્ત્રીશ્રી સશ્મીકાંતભાઈ દવે દ્વારા કરાવવામાં આવેલી હતી.

શ્રી ગણેશયાગના મુખ્ય યજમાન તરીકે સુરતના શ્રી ભવ્ય કુમારભાઈ દવે, બે સહ યજમાનો અને અન્ય ૧૭ યજમાનોએ આ પવિત્ર અને પુણ્યશાળી યાગમાં ભાગ લીધો હતો. તે ઉપરાંત સમાજના અન્ય સભ્યોએ પણ ઉત્સાહભેર યાગના દર્શનનો તથા મહાપ્રસાદીનો લાભ લીધો હતો.

શ્રી ગણેશ યાગમાં સમાજના સામેલ લીસ્ટ મુજબના સભ્યોએ પોતાનો આર્થિક ફાળો નોંધાવી આ પવિત્ર કાર્યમાં સહભાગી થયા હતા જે બદલ સમાજ તેમના દાનનો સ્વીકાર કરી આભાર વ્યક્ત કરે છે. આ ભગીરથ કાર્યમાં જે સભ્યોએ પોતાનો સમય અને સેવા આપી છે તે તમામ સભ્યોનો સમાજ અંતઃકરણપૂર્વક આભાર માને છે.

તારીખ ૨૪–૦૯–૨૦૨૩ના રોજ શ્રી સુરત બાજખેડાવાળ સમાજ દ્વારા આયોજીત શ્રી ગણેશ યાગના દાતાઓના નામ

(૧) શ્રીમતિ રોહીણીબેન શેલત રૂ. ૨૫૦૦૦/– (૨) શ્રી કુમાર વિનાયક દવે રૂ. ૭૦૦૦/– (૩) શ્રી યોગેશભાઈ દવે રૂ. ૩૭૫૦/– (૪) શ્રી પરિમલ એન શુકલ રૂ. ૨૫૦૧/– (૫) શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, સુરત રૂ. ૨૫૦૧/– (૬) શ્રીમતિ વિમળાબેન જોષી રૂ. ૨૦૦૦/– (૭) શ્રી કૃષ્ણકાંત ખંભોળજા રૂ. ૨૫૦૦/– (૮) શ્રી હિમાંશુ શુકલ રૂ. ૧૫૦૦/– (૯) શ્રીમતિ નીતાબેન ઠાકર રૂ. ૧૦૦૧/– (૧૦) શ્રી ડૉ. વિપુલ ત્રિવેદી રૂ. ૧૦૦૧/– (૧૧) શ્રી ચંદ્રકાન્તભાઈ ત્રિવેદી રૂ. ૧૦૦૧/– (૧૨) શ્રી મહેન્દ્ર નટવરલાલ મહેતા રૂ. ૧૦૦૦/– (૧૩) શ્રી બાલકૃષ્ણ અંબાલાલ જોષી રૂ. ૧૦૦૧/– (૧૪) શ્રી પી. એન. દવે (પ્રમુખ – સોજીત્રા બાજખેડાવાળ સમાજ) રૂ. ૫૫૦/– (૧૫) શ્રીમતિ રોહિતાબેન ઘનશ્યામભાઈ ત્રિવેદી રૂ. ૫૦૧/– (૧૬) શ્રી વસંતભાઈ શેલત રૂ. ૫૦૦/– (૧૭) શ્રીમતિ પ્રજ્ઞાબેન નિરંજન ભટ્ટ રૂ. ૫૦૧/– (૧૮) સ્વ. વાલ્મિક કૃષ્ણકાંત ત્રીવેદી (હસ્તક – નેહા કંચનવાલા) રૂ. ૫૦૦/– (૧૯) શ્રી ઉપેન્દ્ર મોહનલાલ ભટ્ટ રૂ. ૫૦૦/–

**કુમાર વિ. દવે – ટ્રસ્ટી**

## શ્રી ગુજરાતી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ

"ૐ નિકેતન", નં. ૩૨૬, (નવો નં. ૩૮૦), મિન્ટ સ્ટ્રીટ, ચૈન્નઈ–૬૦૦૦૦૩

સમાજના ઉપક્રમે જન્માષ્ટમી તા. ૭–૯–૨૩ના રોજ શ્રી ભરતભાઈ એસ. જોષી પરિવારજનોના યજમાનપદે ધામધૂમથી મનાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રીકૃષ્ણ ભજન–કીર્તનનો કાર્યક્રમ બે કલાકનો શ્રી વિશાલ દવેની ટીમે આયોજન કરેલ. રાસ–ગરબામાં સારી એવી સંખ્યામાં જ્ઞાતિજનોએ પધારી ભાગ લીધો હતો.

શ્રાવણ માસ પુર્ણાહુતિ પ્રસંગે તા. ૧૪–૯–૨૩ના રોજ 'ભંડારો'નું આયોજનમાં ચારસોથી વધુ સંખ્યામાં શિવભક્તિએ ભાગ લઈ સ્વેચ્છાએ ફાળો નોંધાવી સહયોગ આપ્યો હતો. સર્વશ્રી શૈલેષ ભટ્ટ, શૈલેષ ઠાકર, બીજલ ડોળીયા, મનોજ શુકલા તથા અન્ય સભ્યોએ ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળતા અપાવી હતી.

તા. ૧૭–૯–૨૩ રવિવારના વૈષ્ણવ સ્કુલ હોલમાં સમાજની ૧૧મી ધજા–દર્શન પ્રોગ્રામ ભજન–કીર્તન–ગરબા યજમાન પરીવારશ્રી વિમળાબેન ઈન્દ્રવદન પાઠક પરીવાર હસ્તે શ્રી હિરેનભાઈ અને શ્રીમતી વંદનાબેન પાઠક પરીવાર સભ્યોની ઉપસ્થિતીમાં ખીચોખીચ ભરાયેલા હોલમાં બાવન ગજની વિશેષ ધજાના દર્શનનો લાભ ભવ્ય અને દિવ્યપણે મનાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે માદરે વતન સોજીત્રાના ધારાસભ્ય શ્રી વિપુલભાઈ પધારી આયોજનની પ્રશંસા કરી હતી. તેઓશ્રીનું સન્માન સમાજવતી હાર–શાલ અને સ્મૃતિભેટ આપી કરવામાં આવેલ.

સમાજવતી દરેક ગાયક કલાકારો, ઢોલીઓને સ્મૃતિભેટ આપી અભિવાદન કરવામાં આવેલ. શ્રીમતી સ્નેહલબેન કે. દવેએ સમાજ તરફથી સુંદર સંબોધન પાઠવેલ. ટ્રસ્ટી શ્રીમતી પ્રવિણાબેન અને શ્રીમતી જીતાબેન બી. ભટ્ટે પણ કલાકારોને સુંદર ભેટ આપી હતી. શ્રીમતી ચેતનાબેન અને શ્રી અમિત ત્રિવેદીના હસ્તે અર્પણ કરવામાં આવેલ. આ પ્રસંગે માતાજીનો અન્નકુટનું આયોજન તથા મા જગદંબાને ઝૂલામાં ઝુલાવી સુંદર શણગાર આંખે વળગે એવો રહ્યો હતો. ફક્ત ૧૦ દિવસની મહેનતથી એક વિશેષ ગરબો–અઠીંગો બહેનોએ રજુ કર્યો હતો જેની સર્વેએ તાળીઓના ગડગડાટથી ખૂબ જ પ્રશંસા કરી હતી. એકંદરે કાર્યક્રમ ભક્તિમય રીતે સંપન્ન થયેલ. મહાપ્રસાદીની સુંદર વ્યવસ્થા સમાજના ભવનમાં રાખવામાં આવેલ જેને સર્વેએ ન્યાય આપ્યો હતો.

સમાજના લગભગ ૫૦ યાત્રીકો ધજાના મુખ્ય યજમાન પરીવાર સાથે અંબાજી મુકામે ડાકોર, આશાપુરી, સોજીત્રા થઈ પહોંચી ગયા હતા અને તા. ૨૮–૯ના રોજ સવારે ૮.૦૦ કલાકે વાજતે ગાજતે ધજાયાત્રા મંદિર પહોંચી શિખર ઉપર ધજા યજમાન પરિવાર હસ્તે ફરકાવવામાં આવેલ. સમાજની આ ૧૧મી ધજાની પધરામણી ધજા–દર્શન તથા ધજા યાત્રાની અભૂતપૂર્વ સફળતા સર્વશ્રી વિશાલ દવે, કેતન દવે, સ્વપ્નીલ વ્યાસ, ઉમેશ દવે, યોગેશ દવે, અમિત ત્રિવેદી વિ. તથા સમાજના પ્રમુખશ્રી તથા મંત્રીઓનો ખૂબ જ સહકાર પ્રાપ્ત થયો હતો.

**બીજલ બી. ડોળિયા** — **પ્રમુખ**

**મનોજ વી. શુકલા/અમિત આઈ. પાઠક** — **મંત્રીઓ**

# ધી અમદાવાદ બાજખેડાવાળ એજ્યુકેશન એન્ડ કલ્ચરલ સોસાયટી

શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦

**યોજાઈ ગયેલ કાર્યક્રમ**

દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨–૧૦–૨૦૨૩ ગાંધી જયંતીના રોજ સંસ્થા દ્વારા નર્સરીથી લઈ કોલેજના વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ અંગેનો કાર્યક્રમ યોજાએલ જેમાં વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ ઉપસ્થિત રહેલ પ્રાર્થનાથી શરૂઆત કરી ત્યારબાદ વિવિધ ધોરણના વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરેલ.

આ પ્રસંગે જ્ઞાતિનું ગૌરવ એવા વિદ્યાર્થી ચિ. કુશ નિરવકુમાર દવે તેઓશ્રીએ તબલાવાદનમાં રાજ્યકક્ષાએ નામના મેળવેલ તેઓને મણીનગર વિધાનસભાના ધારાસભ્ય તેમજ સંસ્થાના ટ્રસ્ટીશ્રી અમુલભાઈ બી. ભટ્ટ દ્વારા સન્માનીત કરેલ.

ઈનામ વિતરણમાં અંદાજીત એક લાખ રૂપિયા જેવા રકમના ઈનામો જ્ઞાતિ સમાજના બાળકોને આપવામાં આવેલ છે.

**આગામી કાર્યક્રમ**

**કોલેજના વિદ્યાર્થીઓ માટે ફી સહાય યોજના**

સંસ્થા દ્વારા દર વર્ષે આજીવન સભ્યના ડીપ્લોમાં/ડીગ્રી કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને ફી સહાય આપવામાં આવે છે. આ માટેના ફોર્મનું વિતરણ શ્રી પ્રાણશંકરભાઈ હોલ ખાતેથી કરવામાં આવનાર છે. સંપૂર્ણ વિગત અને જરૂરી પૂરાવ સાથે ફોર્મ પરત કરવાની તા. ૩૦–૧૧–૨૩ રહેશે ઓફિસ સમય ૧૦ થી ૬ દરમ્યાન ભરેલા ફોર્મ આપવાના રહેશે.

**સ્નેહમિલન કાર્યક્રમ તા. ૨૫–૧૧–૨૦૨૩**

સંસ્થા તરફથી આગામી સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૨૫–૧૧–૨૩ને શનીવારે આ પ્રસંગે નવ વર્ષ નિમિત્તે જ્ઞાતિજનોની મિલન–મુલાકાત શુભેચ્છાઓની આપ–લે સાથે સમુહ ભોજન સાથે મેળાવડો થશે. આ સમુહ ભોજનના પાસ તા. ૧૫–૧૧–૨૩ થી રૂ. ૧૫૦/– આપી લેવાના રહેશે. તા. ૨૨–૧૧–૨૩ સુધી પાસનું વિતરણ શ્રી પ્રાણશંકરભાઈ હોલથી કરવામાં આવશે જેની નોંધ લેવી.

**વિધવા – ત્યક્તા – વિધુર સહાય ફંડ**

રૂ. ૧૦,૦૦૦/– શ્રી કરણભાઈ પરાગભાઈ ભટ્ટ

**અન્નપૂર્ણા સહાય ફંડ**

રૂ. ૧૦૦૦૦/– શ્રી કિશનભાઈ દર્શનભાઈ ઠાકર, રૂ. ૫૦૦/– સ્વ. ગં.સ્વ. પ્રભાવતીબેન વસંતકુમાર પંડ્યાના સ્મરણાર્થે હસ્તે શ્રી ધ્રુવકુમાર મણીલાલ ઠાકર, રૂ. ૫૦૦/– સ્વ. હરિવદનભાઈ ત્રિવેદીના સ્મરણાર્થે હસ્તે શ્રી મૃદુલાબેન એચ. ત્રિવેદી

**હોલ આધુનિકરણ ભંડોળ**

રૂ. ૫૦૦૦/– સ્વ. ગીતાબેન ધ્રુવકુમાર ઠાકરના સ્મરણાર્થે હસ્તે શ્રી ધ્રુવકુમાર મણીલાલ ઠાકર

**કમલેશ જે. ભટ્ટ** — **પ્રમુખ**

**હેતલકુમાર બી. ભટ્ટ/રાજેષભાઈ બી. ત્રિવેદી** — **મંત્રી**

# શ્રીમતી કમળાબેન જમીયતરામ પંડ્યા તથા
# શ્રી જમીયતરામ દયાશંકર પંડ્યા ટ્રસ્ટ ફંડ

*(શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ સંચાલિત) શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦*

---

તા. ૧૫–૧૧–૨૩ થી ઉપરોક્ત ટ્રસ્ટના ફોર્મ વિતરણ કરવામાં આવનાર છે. શૈક્ષણિક ટ્રસ્ટ ફંડમાંથી સ્કોલરશીપ મેળવવા માટેના આવેદનપત્રોની સમયમર્યાદા તા. ૧–૧૨–૨૦૨૩ થી ૩૧–૧૨–૨૦૨૩ છે. જેની નોંધ લેવા વિનંતી છે. આ અંગેની વિગતવાર માહિતી નીચ મુજબ છે. નવા ફોર્મમાં અરજી કરવી.

જ્ઞાતિજનોના સંતાનોની શૈક્ષણિક કારકિર્દી માટે આર્થિક સહાય યોજનાલક્ષી માહિતી શ્રીમતી કમળાબેન જમીયતરામ પંડ્યા તથા  જમીયતરામ દયાશંકર પંડ્યા ટ્રસ્ટ ફંડ ખાસ નર્સિંગ કોર્ષ માટે ઉપરોક્ત ટ્રસ્ટ ફંડમાં નર્સિંગનો કોર્ષ ઉમેરવામાં આવેલ છે તો જે વિદ્યાર્થીઓ નર્સિંગમાં અભ્યાસ કરતા હોય અને જણાવેલ આવકના ધારાધોરણમાં આવતા હોય તેઓએ અચૂક આ ફોર્મ મેળવી લેવા. ઉપરાંત ઉપરોક્ત ફાઉન્ડેશનમાંથી નીચે જણાવેલ ડીગ્રી–ડિપ્લોમાં તેમજ વ્યાવસાયિક કોર્સમાં અભ્યાસ કરતા માત્ર અમદાવાદમાં જ રહેતા જ્ઞાતિના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય આપવામાં આવે છે. આ માટે વિદ્યાર્થીના કુટુંબની કુલ વાર્ષિક આવક રૂ.૨,૫૦,૦૦૦/– થી ઓછી હોવી જોઈએ. તેમજ વિદ્યાર્થીએ ડીપ્લોમાં કોર્સ અને ડીગ્રી કોર્સ અને ડીગ્રી કોર્સ માટે ધો.૧૦માં, ધો. ૧૨માં તથા અનુસ્નાતક કોર્સ માટે સ્નાતકની પરીક્ષામાં ઓછામાં ઓછા ૪૫% માર્ક્સ મેળવેલ હોવા જોઈએ. આ અંગે શ્રી પ્રાણશંકરભાઈ હોલ ઉપરથી નવા છાપેલા અરજીપત્રક મેળવી જરૂરી વિગતો સાથે તા. ૩૧–૧૨–૨૦૨૩ સુધીમાં મંડળની ઓફિસે મોકલી આપવાનાં રહેશે. અધૂરી વિગતોવાળા અરજી નામંજૂર કરવામાં આવશે.

(૧) ઈન્ફર્મેશન ટેકનોલોજી (૨) એન્વાયરમેન્ટ ટેકનોલોજી (૩) વોટર મેનેજમેન્ટ (૪)  કોમ્પ્યુટર એપ્લી. સાયન્સ (૫) ટેક્ષટાઈલ ટેકનોલોજી (૬) મીકેનીકલ, ઈલેક્ટ્રીકલ, સીવીલ એન્જીનીયરીંર્સ (૭) ફાઉન્ડ્રી ટેકનોલોજી (૮) કેમિકલ ટેકનોલોજી (૯) ઈલેક્ટ્રોનિકસ ઇન્સ્ટ્રુમેન્ટેશન (૧૦) પ્લાસ્ટિક એન્જીનીયરીંગ (૧૧) ઓટો મોબાઈલ એન્જીનીયરીંગ (૧૨) પ્રિન્ટીંગ ટેકનોલોજી (૧૩) હોટલ મેનેજમેન્ટ (૧૪) નર્સિંગ એન્ડ મીડવાઈફ આ ઉપરાંત અન્ય ટેકનીકલ કે વ્યાવસાયિક અભ્યાસક્રમોને ધ્યાનમાં લેવાશે.

**બી.એ., બી.કોમ., બી.એસ.સી. તથા હાઈસ્કૂલમાં ધોરણ ૧ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ અરજી કરવી નહીં. એટીકેટી કે બ્લોક ક્લીયર ન હોય તેવા વિદ્યાર્થીઓએ અરજી કરવી નહીં.**

**– અશોકભાઈ એમ. મહેતા (ચેરમેન)**

## શ્રી પ્રાણલાલ વ્રજલાલ દવે ટ્રસ્ટ ફંડ (દવે ફાઉન્ડેશન)

(શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ સંચાલિત) શ્રી પ્રાણશંકરભાઈ હોલ,
પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦

ઉપરોક્ત ફાઉન્ડેશનમાંથી નીચે જણાવેલ ડીગ્રી–ડિપ્લોમાં તેમજ વ્યાવસાયિક કોર્સમાં અભ્યાસ કરતા અમદાવાદ, ખેડા, નડિયાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત જિલ્લાઓમાં રહેતા અને અભ્યાસ કરતાં જ્ઞાતિના વિદ્યાર્થીઓ–વિદ્યાર્થીનીઓને શૈક્ષણિક સહાય આપવામાં આવે છે. આ માટે વિદ્યાર્થીના કુટુંબની કુલ વાર્ષિક આવક રૂ.૨,૫૦,૦૦૦/– થી ઓછી હોવી જોઈએ. તેમજ વિદ્યાર્થીએ ડીપ્લોમાં કોર્સ અને ડીગ્રી કોર્સ માટે ધો.૧૦ અને ધો. ૧૨માં ઓછામાં ઓછા ૪૫% માર્કસ મેળવેલ હોવા જોઈએ. આ અંગે શ્રી પ્રાણશંકરભાઈ હોલ તેમજ ઉપર જણાવેલ શહેરોના જ્ઞાતિમંડળોના પ્રમુખશ્રીઓ પાસેથી નવા છાપેલા અરજીપત્રક મેળવી જરૂરી વિગતો સાથે તા. ૩૧–૧૨–૨૦૨૩ સુધીમાં મંડળની ઓફિસે મોકલી આપવાનાં રહેશે. અધૂરી વિગતોવાળા અરજી નામંજૂર કરવામાં આવશે. (૧) ઈન્ફર્મેશન ટેકનોલોજી (૨) એન્વાયરમેન્ટ ટેકનોલોજી (૩) વોટર મેનેજમેન્ટ (૪) કોમ્પ્યુટર એપ્લી. સાયન્સ (૫) ટેક્ષટાઈલ ટેકનોલોજી (૬) મીકેનીકલ, ઈલેક્ટ્રીકલ, સીવીલ એન્જીનીયરીંગ (૭) ફાઉન્ડ્રી ટેકનોલોજી (૮) કેમિકલ ટેકનોલોજી (૯) ઈલેક્ટ્રોનિકસ ઇન્સ્ટ્રુમેન્ટેશન (૧૦) પ્લાસ્ટિક એન્જીનીયરીંગ (૧૧) ઓટો મોબાઈલ એન્જીનીયરીંગ (૧૨) પ્રિન્ટીંગ ટેકનોલોજી (૧૩) હોટલ મેનેજમેન્ટ (૧૪) નર્સિંગ એન્ડ મીડવાઈફ આ ઉપરાંત અન્ય ટેકનીકલ કે વ્યાવસાયિક અભ્યાસક્રમોને ધ્યાનમાં લેવાશે. અધુરી વિગતો તેમજ ખોટી માહિતીવાળી અરજીઓ કોઈપણ જાણ કર્યા વગર નામંજુર કરવામાં આવશે. **એ.ટી.કે.ટી. કે બ્લોક કલીયર ન હોય તેવા વિદ્યાર્થીઓએ અરજી કરવી નહીં. નવા ફોર્મમાં અરજી કરવી. બી.એ., બી.કોમ., બી.એસ.સી. તથા હાઈસ્કૂલમાં ધોરણ ૧ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ અરજી કરવી નહીં.**

ઉપરોક્ત ફાઉન્ડેશનના લઘુઉદ્યોગ ફંડની વ્યાજની આવકમાંથી જ્ઞાતિની વિધવા, ત્યક્તા કે છૂટાછેડા આપેલ બહેનોના બાળકોને તેમજ માતા–પિતા વિનાના અનાથ બાળકોને શૈક્ષણિક સહાય આપવામાં આવનાર છે. આ યોજના હેઠળ સરકાર માન્ય શાળાના ધોરણ ૧૦ થી ૧૨માં તેમજ પોલીટેકનીક કે અન્ય કોઈ સરકાર માન્ય તાલિમી સંસ્થામાં ટેકનીકલ કે વ્યવસાયિક સર્ટિફિકેટ કે ડિપ્લોમાં કોર્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓને લાભ આપવામાં આવશે. આ યોજના અમદાવાદ, ખેડા, આણંદ, વડોદરા, ભરૂચ અને સુરત જિલ્લાઓના ગામોના જ્ઞાતિજનો માટે છે. આ અંગેના અરજી તેમજ નિયમોના ફોર્મ મંડળની ઓફિસેથી અથવા ગામેગામના પ્રમુખ પાસેથી મેળવી લઈ તા. ૩૧–૧૨–૨૦૨૩ સુધીમાં મંડળના સરનામે અમદાવાદ મોકલવાના રહેશે. અધૂરી વિગતો તેમજ ખોટી માહિતીવાળી અરજીઓ કોઈપણ જાણ કર્યા વગર નામંજૂર કરવામાં આવશે ધો. ૧ થી ૧૨ તેમજ ઉપર દર્શાવ્યા સિવાયના ડીગ્રી કોર્સ માટે કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આ સહાયને પાત્ર નથી.

**– અશોકભાઈ એમ. મહેતા (ચેરમેન)**

## શ્રી બાજખેડાવાળ લઘુરૂદ્ર પ્રાયોજક સમિતિ, ઉમરેઠ

પ્રમુખ–શ્રી ભીખુભાઈ એમ. જોષી, મોટવાડા, ઉમરેઠ–૩૮૮૨૨૦ (મો.) ૯૮૨૪૨૦૬૫૯૬

